**દેશમાં ચૂંટણીને કારણે જો આઈપીએલ મોકૂફ રહી શકતી હોય તો પછી તેના માટે ભાવિ પેઢી પર પ્રભાવ સર્જી શકે તેવા સમયની પસંદગી સામે કેમ કોઈ પ્રશ્ન ઉઠાવાતો નથી? લાખો વિદ્યાર્થીઓ તેને માટે લલચાઈ પોતાનો સમય વેડફતા હોય ત્યારે બોર્ડની પરીક્ષાઓ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી ટાણે આઈપીએલ શ્રેણી જેવાં આયોજનો કેટલે અંશે વાજબી?**

# આઈપીએલ માટે વધુ એક લાચારી




ડો. રાજીવકુમાર ગુપ્તા

*લેખક ગુજરાત કેડરના વરિષ્ઠ આઈએએસ અધિકારી છે*


**આ**ઈપીએલ વિવાદે આમ તો જાહેર જવાબદારીની વિશાળ સમસ્યાના તારને રણઝણાવ્યા છે, પરંતુ આ વિષયે ચાલી રહેલી સામાન્ય ચર્ચાના કોઈ મુદ્દાની છણાવટ કરવાનો ઈરાદો અહીં નથી, પરંતુ માર્ચ અને એપ્રિલ મહિનામાં આપણા દેશમાં બોર્ડ પરીક્ષાઓની મોસમ ચાલતી હોય છે એવા સમયે આઈપીએલના આયોજન માટે પસંદગી ઉતારાઈ હોવાના ભુલાયેલા પ્રશ્ન તરફ ધ્યાન દોરવાનો છે. માનવ સંસાધન પ્રધાન કપિલ સિબ્બલ દ્વારા તાજેતરમાં જાહેર થયેલી નીતિ ભવિષ્યમાં કદાચ વાલીઓ અને વિદ્યાર્થીઓ પર વર્તાતાં માનસિક દબાણોને વત્તાઓછા અંશે ઘટાડશે, પરંતુ એ હકીકતનો ઈનકાર થઈ શકે તેમ નથી કે વિદ્યાર્થીના નવમા કે અગિયારમા ધોરણમાં પ્રવેશ સાથે જ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી સ્પર્ધાત્મક કસોટીઓ માનસિક તણાવની જાળ સર્જી જ દે છે. માર્ચ અને એપ્રિલ મહિનામાં જ બોર્ડ પરીક્ષાઓ વાલી અને વિદ્યાર્થી દ્વારા બે વર્ષ સુધી સંયુક્તપણે થયેલી મહેનતની કસોટી કરતી હોવાથી આ સમયગાળામાં જ માનસિક દબાણની સ્થિતિ ચરમસીમાએ પહોંચી જતી હોય છે. એ બાબતની નોંધ લેવી રસપ્રદ બની રહેશે કે આ સમયગાળામાં જ નવ લાખથી વધુ વિદ્યાર્થીઓ સીબીએસઈ દસમા ધોરણની તો સાત લાખ વિદ્યાર્થીઓ ૧૨મા ધોરણની પરીક્ષા આપતા હોય છે. આ સમયગાળામાં જ ૩૩ જેટલાં રાજ્ય પરીક્ષા બોર્ડ દોઢ કરોડ જેટલા વિદ્યાર્થીઓ માટે ધોરણ દસ બોર્ડની પરીક્ષા તો એક કરોડ વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનું આયોજન કરતા હોય છે. ખાનગી અને જાહેરક્ષેત્રમાં માન્ય ઈજનેરી અને તબીબી અભ્યાસક્રમો માટે કુલ મળીને પાંચથી છ લાખ બેઠકો ઉપલબ્ધ છે. અન્ય વ્યવાસાયિક અભ્યાસક્રમોમાં બીબીએ, બીસીએ, ફેશન ડિઝાઈન , હોસ્પિટાલિટી મેનેજમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે. બધું મળીને દેશભરમાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની દસ લાખથી ઓછી બેઠકો પર પ્રવેશ મેળવવા એક કરોડથી વધુ વિદ્યાર્થીઓ ઝઝૂમે છે. વિદ્યાર્થીઓ સામે બેઠકોનો સરેરાશ આંક ૧૦:૧નો હોવાથી સંગીન સ્પર્ધા રહે જ છે. અને હવે આઈપીએલના આંકડા પર નજર નાખીએ. આ વર્ષે બાર જેટલાં શહેરોમાં કુલ ૬૦ જેટલી મેચ રમાડવામાં આવી. અંદાજે ૩૦ લાખ જેટલા લોકોએ સ્ટેડિયમમાં બેઠાં મેચ જોતાં અંદાજે એક કરોડ વ્યક્તિકલાક ખર્ચ્યા તો તેનાથી ત્રણ ગણી સંખ્યામાં લોકોએ ટીવી પર મેચ નિહાળતાં વધુ ૧૦ કરોડ વ્યક્તિ કલાકો ખર્ચ્યા. ( ટીએએમ મીડિયા રિસર્ચ પ્રા.લિ. દ્વારા જાહેર થયેલા અંકો મુજબ ૨.૬૩ કરોડ લોકોએ શરૂઆતની ત્રણ મેચ નિહાળી હતી. )

જોકે કેટલાક વિગતવાર નમૂનારૂપ સર્વેક્ષણ કરીને વધુ ચોક્કસ આંકડા સુધી પહોંચી શકાય તે વાત સાચી, પરંતુ વસતીગણતરીના આંકડા અને બોર્ડ કસોટીથી આપી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે આધારે ૧૪ થી ૧૮ વર્ષના વયજૂથના કેટલા પ્રેક્ષકોએ મેચ માણી હતી તે સંખ્યાનો અંદાજ મેળવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ અંદાજ મુજબ આ વયજૂથનાં બે લાખથી વધુ બાળકોએ પોતાની શૈક્ષણિક કારકિર્દીના ખૂબ જ મહત્ત્વના સમયમાં છ થી આઠ લાખ કલાક સ્ટેડિયમમાં ખર્ચ્યા હોવા જોઈએ. (એક બાળકે વધુમાં વધુ એકથી ત્રણ મેચ નિહાળી હશે તેવી ધારણાથી આ અંદાજ માંડવામાં આવ્યો છે.)

આ સાથે ટીવી પર આઈપીએલ મેચ જોઇ હોવાની સંખ્યાને પણ ગણતરીમાં લેવામાં આવે તો આઈપીએલ મેચ નિહાળનારા બાળકોની સંખ્યા ૨૦ લાખ સુધી પહોંચી જાય. આ બાળકોએ આઈપીએલ જોતાં અંદાજે ૬૦ લાખ કલાક ખર્ચ્યા હશે. ( તમને આશ્ચર્ય થશે કે આ સમય તે ૧૦ હજાર જેટલા બાળકો એક આખો મહિનો ૨૪ કલાક આઈપીએલ મેચ જ જોતા રહ્યાને બરોબર થાય છે.) આ પૈકીના ૨૫ ટકા બાળકો એવા હોઈ શકે કે જેઓ બોર્ડની પરીક્ષા આપવાના હોય કે પછી જૂન પછી લેવાનારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટેના નિર્ણાયક સમયમાંથી પસાર થઈ રહ્યા હોય. વધુમાં તે દિવસો દરમિયાન પ્રતિદિન કેટલાક કલાક તેમને મેચ અંગેની ચર્ચાઓ પાછળ પણ ગાળ્યા હોઈ શકે? આજના સોશિયલ નેટવર્કના જમાનામાં આવી કોઈ વેબસાઈટની મુલાકાત લેતાં પણ જાણી શકાય કે બાળકોએ આઈપીએલની ચર્ચા કરતાં કેટલા કલાક ગાળ્યા.



પરીક્ષામાં સારો દેખાવ ના કરી શકતાં બાળકો દ્વારા થતા આપઘાતના કિસ્સાને આગળ ધરીને પરીક્ષાપદ્ધતિના માનસિક દબાણો તરફ ધ્યાન દોરીને શિક્ષણપ્રણાલી માટે ઘણીબધી વાતો થતી રહી છે, પરંતુ તેમની કારકિર્દીના ધ્યેયને અવરોધતા અન્ય પરિમાણો તરફ ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવે છે. જે દેશમાં ચૂંટણી આયોજન આઈપીએલને મોકૂફ રાખવાનું કારણ બની શકે છે ત્યાં ભાવિ પેઢી પર પ્રભાવ સર્જી શકે તેવા સમયની પસંદગી સામે કોઈ પ્રશ્ન ઉઠાવવામાં નથી આવતો તે વાત આશ્ચર્યપ્રેરક છે.આપણા ક્રિકેટ ક્રેઝી દેશમાં વિદ્યાર્થીઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીના નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યા હોય તેવા સમયે એક તરફ ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને પોતાનો કિમતી સમય વેડફવા લલચાવવામાં આવતા હોય, બીજી તરફ આઈપીએલના જૂજ ફ્રેન્ચાઈઝી માલિકો અને બીજાઓ મસમોટો નફો રળી લેતા હોય તેવા 'રોક ઓન' વલણો વચ્ચે સમાજ નિઃસહાયપણે આ બધું જોતો રહે છે.


દેશ-દુનિયાના સમાચારો અને નિષ્ણાતોના લેખો માટે લોગ ઓન કરો

www.divyabhaskar.com